જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ જીલ્લો જુનાગઢ સને – ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) (બી) હેઠળનું જાહેરનામું.

---

એમએજી/ટ્રી–૪૬૯૮/૦૨ તા.૧૫ /૩/૨૦૦૩

**–:: આ ખ રી જા હે ર ના મુ ::–**

જુનાગઢ જીલ્લામાં આવેલ વિશ્વ વિખ્યાત ગીર અભ્યારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાનમાંથી કાંસીયા ફોરેસ્ટ ચેકીંગ નાકાથી સાસણ સુધી પસાર થતાં વિસાવદર–સાસણ રોડ પર વાહનોની ઘણી જ અવર – જવર રહેતી હોય વાહનોના અવાજ અને હેડલાઈટનાં કારણે વન્ય પ્રાણીઓને વિહરવામાં તેમજ પ્રજનનમાં ખલેલ પહોંચતી હોવ તેમજ શિકાર અને જંગલ ચોરીનાં બનાવોની શકયતા રહેતી હોય તેમજ ભારે વાહનોની દિવસ દરમ્યાનની અવર–જવરને કારણે વન્ય પ્રાણીઓને રસ્તો ઓળંગવામાં મુશ્કેલી પડતી હોય બાંધકામ ખાતાનાં ઉપભોગવાળા આ રોડ પરથી રાત્રી દરમ્યાન પસાર થતાં તમામ પ્રકારનાં વાહનોને કાંસીયા ચેકીંગ નાકાથી સાસણ સુધી પ્રતિબંધ ફરમાવવા અને આ રોડ પરથી દિવસ દરમ્યાન પસાર થતાં ભારે વાહનોને પસાર થવા પર પ્રતિબંધ ફરમાવવા માટે નાયબ વનસંરક્ષકશ્રી, ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢનાં પત્ર નાં. વાહન/જમન/૩૦૫૨–૫૩/૨૦૦૨–૦૩ તા. ૧–૮–૨૦૦૨ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ. આ રસ્તા પર પ્રતિબંધ મુકવામાં આવતા વૈકલ્પીક રસ્તા તરીકે વિસાવદર–પીયાવા–બાંભા–ધીમાણા–ઈટાળી થઈ સાસણના રસ્તાનો ઉપયોગ થઈ શકે તેમ હોવાની બાબત પણ નાયબ વનસંરક્ષકશ્રીએ તેઓનાં ઉપરોકત પત્રથી ધ્યાને મુકેલ.

નાયબ વનસંરક્ષકશ્રી તરફથી રજુ થયેલ ઉપરોકત દરખાસ્તની પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ મારફતે તપાસ કરાવતાં પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢએ તેઓનાં પત્રક્રમાંક–રીબી/ ૪/૧૪૩૭/૩૯૭૭૫/૨૦૦૨ તા.૧૧–૯–૦૨ થી નાયબ વનસંરક્ષકશ્રીની દરખાસ્ત મુજબ ઉકત રસ્તા પર વાહન વ્યવહાર અંગે પ્રતિબંધ મુકવા અભિપ્રાય આપતા તે પરત્વે વિચારણા હાથ ધરી ઉકત દરખાસ્ત મુજબ મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ વાહનોની અવર–જવર પર પ્રતિબંધ મુકવાનું પ્રાથમિક જાહેરનામુ તા. ૭–૧૦–૨૦૦૨ થી પ્રસિધ્ધ કરી ૩૦ દિવસમાં લેખીત વાંધા–સુચનો રજુ કરવાની જાહેર પ્રજાને જાણ કરવામાં આવેલ.

અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલા ઉપરોકત તા. ૭/૧૦/૨૦૦૨ નાં પ્રાથમીક જાહેરનામાનાં અનુસંધાને અલગ–અલગ વ્યકિતઓ/સ્થાનીક સંસ્થા સંબંધિત ખાતા/ કચેરી વિગેરે દ્વારા અલગ–અલગ વાંધા સુચનો રજુ થયેલા ઉકત રજુ થયેલ વાંધા–સુચનોનાં

(....૨/....)

ની કચેરી
આવક
૬૨૩૮
૧૭।૩।૦૩

સંદર્ભે સંબંધિત વ્યક્તિ/ સંસ્થાઓને તા. ૧૭ તથા ૧૮/૨/૦૩ ના રોજ અત્રેના સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા તથા તેમાં હાજર ન રહેલ વ્યક્તિ/સંસ્થાઓને તા. ૭/૩/૨૦૦૩ ના રોજ સાસણ મુકામે અત્રેના સમક્ષ રૂબરૂ હાજર રહેવાની જાણ કરી સાંભળવામાં આવેલા

ઉપરોક્ત રજૂ થયેલ વાંધા-સુચનો તથા સુનાવણી વખતે થયેલ રજૂઆત તથા તે પરત્વે પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તથા નાયબ વનસંરક્ષકશ્રી જુનાગઢ દ્વારા રજૂ થયેલ રિમાર્કસ વિગેરે બાબતો પરત્વે પુખ્ત વિચારણા કરતા ગીર અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થતા આ રસ્તા પર મોટા પ્રમાણમાં વાહનોની અવર જવરને કારણે વન્ય પ્રાણીઓને થતી અડચણ નિવારવી અત્યંત જરૂરી અને આવશ્યક જણાયેલ છે. સાથે સાથે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવાથી તે વિસ્તારમાં રહેતા લોકોની સગવડતા તેમજ ત્યાંથી પસાર થતાં વાહનોને અવર-જવર કરવામાં સદંતર મુશ્કેલી ન પડે તે પણ વિચારવુ આવશ્યક અને જરૂરી છે. આ રસ્તો ભારે વાહનો માટે પ્રતિબંધ મુકવાથી વૈકલ્પીક રસ્તા તરીકે વિસાવદર-પીયાવા-ખાંભા--ધીમધા-ઈટાળી થઈ સાસણનાં ડામર રસ્તાનો ઉપયોગ થઈ શકે તેમ છે.

સબબ હું આર. કે. પાઠક, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિગતે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવાનો હુકમ કરૂ છું.

(૧) વિસાવદર સાસણ રોડ ઉપરથી રાત્રી દરમ્યાન પસાર થતાં (રાત્રે ૧૯-૦૦ કલાકથી સવારે ૭-૦૦ કલાક સુધી) તમામ પ્રકારનાં વાહનોને કાંસીયા ચેકીંગ નાકા અને સાસણ વચ્ચે અવર જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) વિસાવદર સાસણ રોડ ઉપરથી દિવસ દરમ્યાન પસાર થતાં ભારે વાહનોને કાંસીયા ચેકીંગ નાકા અને સાસણ વચ્ચે અવર જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે.
આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી

(અ) દિવસ દરમ્યાન એટલે સવારે ૭-૦૦ કલાકથી રાત્રે ૧૯-૦૦ કલાક સુધીનાં સમયગાળા માટે

(૧) સરકારી ફરજ પરનાં વાહનોને

(....૩/....)

(૨) જાહેર વાહન વ્યવહાર અંગેના સરકારી વાહનો, એસ.ટી.બસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડ

(૩) વન વિભાગની પૂર્વમંજૂરી મેળવી પસાર થતી સ્કુલ બસ કે પ્રવાસી બસ

(બ) રાત્રી દરમ્યાન એટલે કે રાત્રે ૧૯–૦૦ કલાકથી સવારે ૭–૦૦ કલાક સુધીના સમયગાળા માટે

(૧) માત્ર સરકારી ફરજ પરનાં વાહનો અને તાકીદનાં સંજોગોમાં વન વિભાગની પૂર્વ પરવાનગી લીધા બાદ પસાર થતી એમ્બ્યુલન્સ કે તેથી નાના વાહનો

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૭ મી માર્ચ સને ૨૦૦૩ નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

(આર. કે. પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

નકલ સવિનય રવાના ::–

૧: ઉપસચિવશ્રી,
ગૃહવિભાગ ગુજરાત રાજ્ય,
સચિવાલય–ગાંધીનગર.

૨: ઉપસચિવશ્રી,
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય–ગાંધીનગર.

૩: મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય (વન્યપ્રાણી) ગાંધીનગર

નકલ રવાના ::–

૧) વનસંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ જુનાગઢ.
૨) વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ, (વન્ય પ્રાણી) જુનાગઢ.
૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી–જુનાગઢ.
૪) કાર્યપાલક ઈજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ – (રાજ્ય) જુનાગઢ
૫) કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (પંચાયત) જુનાગઢ.
૬) નાયબ વન સંરક્ષકશ્રી, ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢ
૭) નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વિભાગ જુનાગઢ